**"સર્ટીફિકેટ ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ" અભ્યાસક્રમના હાજરી અને મુલ્યાંકનના વિનિયમો મંજૂર કરવા બાબત...**

# —: જાહેરનામું નં. ૪/૨૦૧૮ :—

આથી સંબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની દસમી બેઠક તા.૨૦/૦૭/૨૦૧૮ના રોજ નવસારી ખાતે મળેલ હતી, જેની કાર્યનોંધના મુદ્દા નં. ૧૦.૬ થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે.

***આથી ઠરાવવામાં આવે છે કે,***

**"નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળ ચાલતાં "સર્ટીફિકેટ ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ" નામના છ માસિક પ્રમાણપત્ર અભ્યાસક્રમના હાજરી અને મુલ્યાંકનના વિનિયમો આ સાથે સામેલ પરિશિષ્ટ–૪ મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે અને તેનો તાત્કાલિક અસરથી અમલ કરવાનો રહેશે."**

જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ–૧૦/ટી–૧/વેબ–૩૧/૨૦૧૮
નવસારી તા. ૩૧/૦૭/૨૦૧૮

(જી.આર.પટેલ)
વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**<u>નકલ સવિનય રવાના પ્રતિ</u> :**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.

**નકલ જયભારત સહ રવાના પ્રતિ :**

૧. નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.
૨. ઈનચાર્જ અધિકારી, ઈનપુટ ડીલર્સ પ્રમાણપત્ર અભ્યાસક્રમ, એટીક, નકૃયુ, નવસારી તરફ તથા અમલ થવા સારું.

# પરિશિષ્ટ–૪

## ''સર્ટીફિકેટ ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ'' અભ્યાસક્રમના હાજરી અને મુલ્યાંકનના વિનિયમો

---

૧. ''સર્ટીફિકેટ ઈન એગ્રીકલ્ચરલ એક્ષ્ટેન્શન સર્વિસીસ ફોર ઈનપુટ ડીલર્સ'' અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોય તેવા દરેક તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવા દેવા માટે ઓછામા ઓછી ૭૫% હાજરી હોવી જરૂરી રહેશે.

૨. માંદગીના કારણોસર તાલીમાર્થી ૭૫% હાજરી પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય અને તેવા સંજોગોમાં જો માંદગી સબબનું રજીસ્ટર્ડ તબીબી અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજૂ કરે તો કોર્ષ કોર્ડીનેટરની ભલામણથી વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ખુટતી હાજરીમાં વધુમાં વધુ ૧૦% સુધીની છુટ આપી શકશે.

૩. હાજરીની પૂર્તતા માટે ક્રમ–૨નો લાભ લેવા છતાં ૭૫% હાજરી પૂર્ણ ન કરે તેવા તાલીમાર્થી અંતિમ પરીક્ષા આપી શકશે નહિ અને તેઓએ ત્યારપછીની બેચમાં નવેસરથી વધારાના તાલીમાર્થી તરીકે તાલીમ પૂર્ણ કરવાની રહેશે.

૪. દરેક તાલીમ વર્ગ દરમ્યાન બે આંતરિક અને એક અંતિમ કસોટી લેવામાં આવશે. જેમાં આંતરિક કસોટીઓ તાલીમ દરમ્યાન અને અંતિમ કસોટી તાલીમ વર્ગના અંતિમ દિવસોમાં લેવામાં આવશે.

૫. માંદગીના કારણો સિવાય તાલીમાર્થી આંતરિક પરીક્ષામાં ગેરહાજર રહે તો તે તાલીમાર્થીને ત્યારબાદ લેવામાં આવનાર કોઈ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.

૬. ખાસ અનિવાર્ય પરિસ્થિતી કે કુદરતી આફતના કારણોસર તાલીમાર્થી આંતરિક પરીક્ષામાં ગેરહાજર રહે તો ઉદ્દભવેલ પરિસ્થિતીની સત્યતાની ચકાસણી કરીને કોર્ષ કોર્ડીનેટરની ભલામણના આધારે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી તે આંતરિક પરીક્ષા પાછળથી લેવાની મંજુરી આપી શકશે.

૭. તાલીમાર્થીઓને અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરવા ઓછામાં ઓછા કુલ ૪૫% ગુણ મેળવવાના રહેશે.

૮ જે તે તાલીમ વર્ગમાં નાપાસ થનાર તાલીમાર્થીઓની ફરીથી પરીક્ષા લેવામાં આવશે નહિ, પરંતુ ત્યાર પછીની બેચની પરીક્ષાઓમાં તેઓએ પરીક્ષા આપવાની રહેશે. આ પ્રમાણે તાલીમાર્થીને અંતિમ પરીક્ષામાં બેસવાની કુલ બે તક આપવામાં આવશે. જો બીજી વખત પણ પાસ ન થાય તો પરીક્ષા ફરીથી લેવામાં આવશે નહિ.

૯. તાલીમાર્થીઓના મુલ્યાંકન માટે ગુણની ગણતરી નીચે કોઠામાં દર્શાવ્યા મુજબ કરવાની રહેશે.

| ક્રમ | પરિક્ષાની વિગત | ગુણ |
|---|---|---|
| ૧ | પ્રથમ આંતરિક કસોટી | ૧૦ |
| ૨ | દ્વિતીય આંતરિક કસોટી | ૧૦ |
| ૩ | એસાઈમેન્ટ બુક | ૨૦ |
| ૪ | પ્રકિટકલ બુક | ૧૦ |
| ૫ | અંતિમ કસોટી | ૫૦ |
| | કુલ | ૧૦૦ |

સ્થળ : નવસારી
તારીખ : ૩૧/૦૭/૨૦૧૮

**વિસ્તરણ શિક્ષણ નિયામક**